| દાખલ તારીખ | ૦૪/૦૪/૨૦૨૨ | | |
|---|---|---|---|
| નોંધ્યા તારીખ | ૦૪/૦૪/૨૦૨૨ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૬/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૧ | ૧૨ |

---

**મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (રવિકુમાર આર. પરમાર) સાહેબશ્રીની કોર્ટમાં, મુ. આમોદ, જિ. ભરૂચ.**

---

**ફોજદારી કેસ નંબરઃ– ૬૭૯/૨૦૨૨**

**આંકઃ–**

**ફરીયાદી–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ–** (૧) મુનીર ઉર્ફે મુન્નો મુસાભાઇ મોજીયા વોરા પટેલ
રહે. આછોદ, તા. આમોદ, જિ. ભરૂચ.

---

**ગુનો – ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. ઍક્ટ ની કલમ–૧૩૫ મુજબ.**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી. વી.જી.દેસાઇ

આરોપીઓ તર્ફે વિધ્વાન વકીલ શ્રી એમ.વી. રાણા

---

## // ચુકાદો //

**(૧)** ફરીયાદપક્ષ ના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તા.

રવિકુમાર આર. પરમાર
જ્યુડી. મેજી. ફ.ક, આમોદ.

૧૨/૦૮/૨૦૨૧ ના રોજ સાંજના છએક વાગ્યાના સુમારે ફરીયાદી રીઝવાન તથા તેઓના ગામના મહમદ ઈસ્માઈલ હસન તથા અબ્દુલ અહમદ મુસા તથા બીજા ફળીયાના દસેક છોકરા સાથે ક્રિકેટ મેચ રમવા માટે આછોદ ગ્રાઉન્ડમાં ગયેલ અને મેચ રમી મો.સા. ઉપર ઘરે જવા નિકળેલા તે દરમ્યાન તેઓના ગામના મુનીર મુસા મોજીયા નાઓએ તેમની પાસેથી બેટ લઈ લીધેલ અને ફરીયાદીએ બેટની માંગણી કરતા આરોપી મુનીર એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને માં-બેન સમાણી ગાળો બોલી બેટ ફેંકી દીધેલ અને ત્યારબાદ થોડી વાર પછી આરોપી મુનીર ફરીયાદીના ઘર નજીક હાથમાં લાકડીનો ડંડો લઈ આવી હાથમાંના ડંડા વડે ફરીયાદીને માથાના ભાગે મારી દીધેલ અને બીજો એક ડંડો જમણા હાથના પંજા ઉપર મારી દીધેલ અને બુમા બુમ થતા આજુ બાજુના માણસો ભેગા થઈ જતા આરોપી મુનીર મુસા મોજીયા નાઓ ફરીયાદી રીઝવાન ને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલ. જેથી બનાવ બાબતે ફરીયાદી રીઝવાને મહમદ મુસા એ ફરીયાદ આપેલ. આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. ઍક્ટની કલમ-૧૩૫ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને તે ફરીયાદ અન્વયે થયેલ તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થવા ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

(૨) ફોજદારી કેસ રજીસ્ટર લીધા બાદ ઉપરોક્ત ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કરવામાં આવેલ. આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિનામુલ્યે આપી આરોપી વિરૂદ્ધ આંક- ૦૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક-૦૭ થી આરોપીની પ્લી નોંધવામાં આવતાં આરોપીએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષ તર્ફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ચાલુ ટ્રાયલ દરમ્યાન પક્ષકારો વચ્ચે ઘરમેળે

સમાધાન થઇ જતા, ફરીયાદી અને આરોપીએ આંક–૨૪ થી સમાધાન પુરસીસ રજુ રાખેલ છે. જે હકિકતો સંબંધે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) તથા જી.પી.ઍક્ટ ની કલમ–૧૩૫ સમાધાન પાત્ર કલમ ન હોય, જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪)** ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **અનુ નં.** | **આંક** | **સાહેદ તથા પુરાવાની વિગત** |
|---|---|---|
| ૧. | ૧૯ | ફરીયાદી રીઝવાન અહમદ પટેલ ની જુબાની |
| ૨ | ૨૦ | ફરીયાદ |
| ૩. | ૨૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪. | ૨૨ | આરોપી શરીર સ્થિતિનું પંચનામું |
| ૫. | ૨૩ | મૅડીકલ સર્ટીફિકેટ |

**(૫)** ફરીયાદ પક્ષ તરફથી આંક–૨૫ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી વધુ કોઈ પુરાવો આપવો ન હોવાનું જણાવી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, ફરીયાદ પક્ષના રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા પુરતા પુરાવાઓ ન જણાઈ આવતા, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬)** ઉપરોક્ત તમામ પુરાવાઓ અને કેસની હકિકતને ધ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–મુદ્દા–**

રવિકુમાર આર. પરમાર
જ્યુડી. મેજી. ફ.ક, આમોદ.

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી રીઝવાન આછોદ ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમવા ગયેલ અને મેચ રમી ઘરે આવતી વખતે આરોપીએ બેટ લઇ લીધેલ અને ફરીયાદીએ બેટની માંગણી કરતા આરોપી ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને મા-બેન સમાણી ગાળો આપી, બેટ ફેંકી દીધેલ ત્યારબાદ ફરીયાદી ના ઘર નજીક આવી ફરીયાદીને હાથમાંનો ડંડો ફરીયાદીના માથાના ભાગે મારી દીધેલ અને બીજો એક ડંડો જમણા હાથના પંજા ઉપર મારી દીધેલ અને બુમા બુમ થતા આજુ બાજુના માણસો ભેગા થઈ જતા આરોપી ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી તથા મહે. જીલ્લા મેજી. સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. ઍક્ટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **નકારમાં...**

(૨) **આખરી હુકમ મુજબ...**

**<u>કારણો</u>**

**<u>મુદ્દા નં. ૦૧</u>**

(૮) આ કામ ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આંક-૧૯ થી ફરીયાદી રીઝવાન અહમદ પટેલ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, બનાવ આજથી

સાડા ચાર વર્ષ પહેલા તેમના ઘર પાસે સાંજના સાતેક વાગ્યાના સુમારે બનેલો અને બનાવમાં તેઓને અને આરોપી વચ્ચે ક્રિકેટ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તેમજ બનાવમાં ધક્કા–મુક્કીમાં ઘણાં માણસોનું ટોળું ભેગુ થઇ જવાથી તેઓ નીચે પડી જવાથી જમીન પર પડેલ પથ્થર તેઓને માથાના ભાગે તેમજ જમણા હાથના પંજાના ભાગે વાગતા ઈજા થયેલી. બનાવમાં આરોપીએ તેઓને ગડદાપાટુનો માર મારેલ નથી અને કોઇ બિભત્સ ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. બનાવ સમયે તેઓએ આરોપીના હાથમાં હથિયાર જોયેલુ નહી. બનાવ અંગે તેઓને ઈજા થવાથી તેઓએ આમોદ સી.એચ.સી. માં સારવાર કરાવેલી. બનાવ અંગે તેઓએ આમોદ પો.સ્ટે. માં ફરીયાદ આપેલી અને ફરીયાદની કમ્પેર કોપીમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે અને આરોપી નામદાર કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે.

સદર ફરીયાદીને વિધ્વાન એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરી ને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો નામદાર કોર્ટની પરવાનગીથી પુછતા પણ સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકિકતને સમર્થન આપેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદીએ કબુલ રાખેલ છે કે, **બનાવમાં તેઓ અને આરોપી વચ્ચે ક્રિકેટ રમવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી, આરોપીએ તેઓને કોઇ લાકડાના ડંડા વડે માથાના ભાગે તેમજ જમણા હાથના પંજા ઉપર મારી ઈજા કરેલ નથી, આરોપીએ તેઓને કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી કે બિભત્સ ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી, બનાવ સમયે તેઓએ આરોપીના હાથમાં કોઇ હથિયાર જોયેલું નહી.**

(૯) વધુમાં ઉપરોક્ત ફરીયાદીની જુબાની તેમજ કેસના સંજોગો અને પરિસ્થિતિ જોતાં અન્ય પુરાવા વિશે ચર્ચા કરવાનું નામદાર કોર્ટને યોગ્ય જણાય આવતું ન હોય, જેથી અન્ય પુરાવાની ચર્ચા કરવામાં આવેલ નથી.

**રવિકુમાર આર. પરમાર**
**જ્યુડી. મેજી. ફ.ક, આમોદ.**

(૧૦) આરોપીપક્ષ દ્વારા સદર કામે આંક–૨૧ વાળું ગુનાવાળી જગ્યાનું પચંનામું, આંક–૨૨ વાળુ આરોપીનું શરીર સ્થિતિનું પંચનામું, આંક–૨૩ વાળુ મૅડીકલ સર્ટીફિકેટ કબુલ રાખવામાં આવેલ. વળી, રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ ધ્યાને લેતાં, સદર કબુલ કરેલ દસ્તાવેજોના સાહેદોને તપાસવા નામદાર કોર્ટને જરૂરી ન જણાયેલ.

(૧૧) આમ, ફરીયાદપક્ષે ઉપરોક્ત રજુ તમામ પુરાવો વંચાણે લેતાં, આ કામે તપાસવામાં આવેલા ફરીયાદીની ઉલટતપાસમાં સ્વીકાર કરવામાં આવેલ હકિકતો જોતાં ફરીયાદી અને આરોપી વચ્ચે ક્રિકેટ રમવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાય આવે છે, પરંતુ ફરીયાદીની ફરીયાદ મુજબનો કોઇ બનાવ બનેલાનું ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલા નથી અને આ કામના ફરીયાદીએ જ તેમની ફરીયાદને સમર્થન આપેલ નથી. આમ, આ કામના આરોપીએ તા. ૧૨/૦૮/૨૦૨૧ ના રોજ સાંજના છએક વાગ્યાના સુમારે ફરીયાદી રીઝવાન તથા તેઓના ગામના મહમદ ઈસ્માઈલ હસન તથા અબ્દુલ અહમદ મુસા તથા બીજા ફળીયાના દસેક છોકરા સાથે ક્રિકેટ મેચ રમવા માટે આછોદ ગ્રાઉન્ડમાં ગયેલ અને મેચ રમી મો.સા. ઉપર ઘરે જવા નિકળેલા તે દરમ્યાન તેઓના ગામના મુનીર મુસા મોજીયા નાઓએ તેમની પાસેથી બેટ લઇ લીધેલ હોય અને ફરીયાદીએ બેટની માંગણી કરતા આરોપી મુનીર નાઓ એકદમ ઉશ્કેરાઇ જઈ ફરીયાદીને માં–બેન સમાણી ગાળો બોલી બેટ ફેંકી દીધેલ હોય અને થોડી વાર પછી આરોપી મુનીર ફરીયાદીના ઘર નજીક હાથમાં લાકડીનો ડંડો લઇ આવી હાથમાંના ડંડા વડે ફરીયાદીને માથાના ભાગે અને બીજો એક ડંડો જમણા હાથના પંજા ઉપર મારી દીધેલ હોય અને બુમા બુમ થતા આજુ બાજુના માણસો ભેગા થઇ જતા આરોપી મુનીર મુસા મોજીયા નાઓ ફરીયાદી રીઝવાન ને જાનથી મારી નાંખવાની ધમકી આપી તથા મહે. જીલ્લા મેજી. સાહેબશ્રીના હથિયારબંધી ના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. ઍક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોય તેવું

રવિકુમાર આર. પરમાર
જ્યુડી. મેજી. ફ.ક, આમોદ.

ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી. જેથી **મુદ્દા નં. ૦૧** નો જવાબ **નકારમાં** જણાવી **મુદ્દા નં. ૦૨** લગત આખરી હુકમ મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) આ કામના આરોપી **મુનીર ઉર્ફે મુન્નો મુસાભાઇ મોજીયા વોરા પટેલ,** રહે. આછોદ, તા. આમોદ, જિ. ભરૂચ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. ઍક્ટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીના ટ્રાયલ દરમ્યાન રેકર્ડ પરના જામીનને અપીલ પીરીયડના જામીન સુધી ચાલુ રાખવામાં આવે છે, અને જો સદર જામીનદાર હવે પછી સદર કામના આરોપીના જામીન તરીકે રહેવા માંગતા ન હોય, તો તેઓ અત્રેની અદાલતમાં યોગ્ય અરજી કરી શકશે.

(૩) અપીલ સમય વીત્યા બાદ નાશ થવા પાત્ર મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

(૪) સદર કામે કોઇ મુદ્દામાલનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને તે સિવાયનો અન્ય મુદ્દામાલ કે જે મળવાપાત્ર હોય તો તેને અપીલ સમય વીત્યા બાદ વેરીફાઇ કરી પરત કરવો.

હુકમ આજ તા. ૧૬ મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૫/૨૦૨૬
આમોદ.

(રવિકુમાર આર. પરમાર)
જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
આમોદ.
કોડ– જીજે ૦૧૬૦૩

સ્ટેનો – એ.યુ. ગોહેલ

**રવિકુમાર આર. પરમાર**
**જ્યુડી. મેજી. ફ.ક, આમોદ.**